## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ... ટામેટા દિવસે દિવસે મોંઘા થાય છે એવું નથી... 'એ વિકાસની દોડમાં' છે એવું કહો...!!

# સિવિલમાં રાત્રીના સમયે સ્ટાફ ઉંઘતો હોવાની ઉચ્ચકક્ષાએ ફરીયાદ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રાત્રીના સમયે સ્ટાફ ઉંઘતો હોવાની ફરિયાદ ઉચ્ચકક્ષાએ થવા પામી છે. તાજેતરમાં રાત્રીના સમયે દર્દીને લઈને આવેલા સ્નેહીજનને સ્ટાફને જગાડીને સારવાર કરાવી હતી. ત્યારબાદ સ્ટાફના માણસોએ અણછાજતું વર્તન કરતા દર્દીએ ઉચ્ચકક્ષાએ લેખીતમાં ફરીયાદ કરી છે. જેને પગલે હોસ્પિટલ તંત્રમાં હડકંપ મચી જવા પામી છે.

જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં વિવિધ રોગની સારવાર માટે રોજના હજ્જારો દર્દીઓ આવે છે. મેડીકલ કોલેજ બન્યા બાદ સુવિધાયુક્ત હોસ્પિટલ બનતા દર્દીઓનો ધસારો વધુ રહે છે. ગાંધીનગર સહિત આસપાસના જિલ્લાના દર્દીઓ પણ સારવાર અર્થે મોટીસંખ્યામાં આવે છે. ગાંધીનગરમાં વીવીઆઈ વસવાટ કરતા હોવાથી સિવિલ તંત્ર ચોવીસ કલાક જાગતુ રહે છે. પ્રાપ્ત વિગત મુજબ તાજેતરમાં સિવિલમાં ઈન્ડોર દર્દી તરીકે સારવાર મેળવી રહેલા દર્દીની અચાનક રાત્રીના સુમારે તબિયત લથડતા તાત્કાલીક સારવાર વિભાગમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યારે રાત્રીના સમયે તાત્કાલીક વિભાગમાં સારવાર આપવાની જગ્યાએ સ્ટાફ ઉંઘતો જોવા મળ્યો હતો. દર્દીના સગાએ સ્ટાફને જગાડીને દર્દીની સારવાર કરાવી હતી. ત્યારબાદ જે તે વોર્ડમાં દર્દીને દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ડોક્ટર દ્વારા લખવામાં આવેલ દર્દીના જરુરી લેબ ટેસ્ટ કરાવ્યા હતા. દર્દથી કણસી રહેલા દર્દીના સ્વજન નીચે લેબમાં રિપોર્ટ લેવા આવ્યા ત્યારે દ્વાર ખખડાવવા છતા લેબના દ્વાર ના ખુલતા તેઓ તાત્કાલીક વિભાગમાં ગયા હતા. ત્યાં પણ લાભાર્થીને સરકારી હોસ્પિટલ આવી જ હોય તેવો કડવો અનુભવ થયો હતો. રાત્રીના સમયે સ્ટાફમાં હાજર અધિકારી-કર્મચારીએ અણછાજતુ વર્તન કરતા દર્દીના સગા અને સ્ટાફ વચ્ચે તુતુ મેમે થઈ હોવાનુ પણ ચર્ચાઈ રહ્યું છે. જાગૃત નાગરીક હોવાથી સરકારી હોસ્પિટલમાં રાત્રીના સમયે સ્ટાફ ઉંઘતો હોવાની લેખિત ફરીયાદ ઉચ્ચકક્ષાએ કરી છે. જેને પગલે ઉચ્ચકક્ષાએથી કાગળ આવતા તમામ સિવિલ તંત્રમાં હડકંપ મચી જવા પામી છે. આ અંગે સિવિલ સત્તાધિશોએ સ્ટાફના તમામ કર્મચારીઓને બોલાવી યોગ્ય કાર્યવાહી કરી હોવાનું અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

# પ્લાસ્ટીક મુક્ત ગાંધીનગર ઝુંબેશમાં મનપાની ટીમનો વધુ એક સપાટો

## ૬૬ કિલો પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત

ગાંધીનગર મહાનગરપાલિકા કમિશનરની સૂચનાથી પ્લાસ્ટીક મુક્ત ગાંધીનગર બનાવવાની ઝુંબેશ હેઠળ મહેશ મોડની ટીમે શહેરના સે. ૨૮, ૨૯ અને સે. ૨૪માં અનેક ઠેકાણે દરોડા પાડ્યા હતા અને અત્યાર સુધીનો સૌથી મોટો ૬૬ કિલો પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કર્યો હતો. પ્લાસ્ટીક મુક્ત ગાંધીનગર બનાવવા માટે મહાનગરપાલિકાએ ઝુંબેશ હાથ ધરી છે. મનપા કમિશનરની સુચનાને પગલે છેલ્લા એક અઠવાડિયાથી અલગ અલગ બે ટીમો બરોબર એક્ટીવ મોડમાં આવી ગઈ છે. આજે મહેશ મોડની ટીમે શહેરના સેક્ટર-૨૪માં અનેક વેપારીને ત્યાં દરોડા પાડ્યા હતા અને અંદાજે ૬૬ કિલો પ્લાસ્ટીક બેગનો જથ્થો જપ્ત કર્યો હતો. ઉપરાંત ૭૦૦ ગ્રામ જેટલા પ્લાસ્ટીકના કપ પણ જપ્ત કર્યા હતા. આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલશે જેથી વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

## ખૂણે ખાંચરેથી...

● આજે 'આત્મા''ની એક મહત્વની બેઠક ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જયશ્રીબેન દેવાંગનના અધ્યક્ષપદે મળી હતી.

● આજે વન વિભાગના અધિકારીઓની બદલીના હૂકમો જારી કરવામાં આવ્યા છે.

● ગાંધીનગર શહેરમાં સે. ૧૫ ખાતે આવેલ ખેતીવાડી ખાતાની પ્રયોગ શાળામાં ટીંટોડીએ જમીન પર ઈંડા મુક્યા છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં આ વખતે ૨ થી ૪ જેટલા પ્રશ્નો જ દાખલ કરવામાં આવ્યા છે.

● ગાંધીનગરમાં રથયાત્રાના આવી રહેલા પર્વને ધ્યાને રાખી પોલીસે પેટ્રોલીંગ સઘન બનાવ્યું છે.

● ગાંધીનગર શહેર ભાજપની કારોબારી સમિતિની બેઠક સપ્તાહના અંત સુધીમાં બોલાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

● ગાંધીનગર શહેરમાં વન વિભાગ દ્વારા વાવેતર કરાયેલા વૃક્ષો મુરઝાઈ રહ્યા છે. વરસાદ ના થતાં વન વિભાગે કરેલી ઉતાવળ ખોટી પુરવાર થતાં વૃક્ષપ્રેમીઓમાં નિરાશા વ્યાપી છે.

## ૮ થી ૨૪ જુલાઈ દરમિયાન પ્રદેશ ભાજપા દ્વારા જિલ્લા/મહાનગરના પ્રશિક્ષણ વર્ગો યોજાશે

પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં આજરોજ આગામી ૮ જુલાઈથી ૨૪ જુલાઈ દરમ્યાન યોજાનારા જિલ્લા/મહાનગરના પ્રશિક્ષણ વર્ગ અંગેની વ્યવસ્થાપન અંગેની બેઠક મળી હતી. પ્રદેશ કાર્યાલય, શ્રી કમલમ્ ખાતે યોજાયેલ બેઠકમાં મંડળ કક્ષાના બે તબક્કામાં યોજાઈ ગયેલા પ્રશિક્ષણ વર્ગની સમીક્ષા કરવામાં આવી હતી. તા. ૧૦ થી ૧૨ જૂન અને તા. ૨૪-૨૫ જૂન દરમ્યાન સમગ્ર રાજ્યમાં ૨૪૫ મંડલ કક્ષાના વર્ગો યોજાયા હતા. જેમાં કુલ ૫૧,૦૦૦ જેટલા કાર્યકરો પ્રશિક્ષિત થયા હતા.

# પેથાપુરમાં એસટી કર્મચારીએ ગળે ફાંસો ખાધો

## દોઢ વર્ષ પહેલા એસટી યુનિયન કૌભાંડમાં આરોપી તરીકે ધરપકડ થઈ હતી આથી સસ્પેન્ડ કરાયા હતા : આજે ઘરમાં જ ગળે ફાંસો ખાઈ લીધો હતા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીકના પેથાપુર ગામે રહેતા ૪૦ વર્ષીય એસટી કર્મચારીએ અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં ગળે ફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો હતો. આ બનાવ અંગે પેથાપુર પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પેથાપુરના સ્વામીવાડા ખાતે પ્રકાશભાઈ રણછોડભાઈ બાલાસરા ઉં.વ. ૪૦ રહે છે. અને ગાંધીનગર એસટી. વિભાગમાં સરકારી નોકરી કરે છે. પરંતુ હાલ તેઓ સસ્પેન્ડ હતા. પ્રકાશભાઈએ અગમ્ય કારણોસર આજે બપોરના સમયે એકલતાનો લાભ લઈ પંખે લટકી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે વજીરામ સુભડે પોલીસને જાણ કરતા પેથાપુર પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને તપાસ હાથ હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં આત્મહત્યા કરનાર પ્રકાશ બાલાસરા એસટી વિભાગમાં નોકરી કરતા હતા અને દોઢ વર્ષ અગાઉ એસટી કર્મચારી યુનિયનમાં થયેલ ૩ કરોડના કૌભાંડમાં ધરપકડ થઈ હતી. આથી સરકારી નોકરીમાંથી પ્રકાશ બાલાસરાને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને આર્થિક સંકડામણને લીધે આ પગલુ ભર્યુ હોવાનું માલુમ પડ્યું હતું.

આ મામલે પેથાપુર પોલીસ આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સે-૧૧ કલેકટર કચેરી પાસેથી ૧ વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૭

શહેરના સે-૧૧ કલેકટર કચેરી પાસેથી ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડી ડભોડા પોલીસને હવાલે કર્યો હતો.

ગાંધીનગર એસ.ઓ.જી. ટીમના પીએસઆઈ એમ.આર. પુવાર ટીમના કર્મચારી ગૌતમભાઈ, સીરાજખાન, જયંતિભાઈ વગેરે જિલ્લાના વિવિધ પોલીસ મથકની હદમાં ગુનો આચરી નાસતા ફરતા આરોપીને પકડવા સઘન કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં એક વર્ષ અગાઉ ડભોડાની હદમાં ગુનો કરી નાસતા ફરતા આરોપી ભીખુ અમરભાઈ સંઘરીયાતની બાતમી મળી હતી. જેથી એસ.ઓ.જી ટીમે સે-૧૧ કલેકટર કચેરી ખાતે વોચ ગોઠવી આરોપી ભીખુને ઝડપી ડભોડા પોલીસને હવાલે કર્યો હતો. જયાં ડભોડા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.




## પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા સામે કોંગ્રેસના દેખાવો

ગુજરાત કોંગ્રેસ દ્વારા કારમી મોઘવારી અને પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા સામે દેખાવો યોજવાના રાજ્યવ્યાપી કાર્યક્રમો આપ્યા છે. જેના ભાગરૂપે આજે તા. ૨૭મી જુને સવારે ૧૧ કલાકે સેકટર-૨૧ના સરકારી પેટ્રોલ પંપ ખાતે શહેર-જીલ્લા કોંગ્રેસ દ્વારા પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા સામે દેખાવો કરીને સુત્રોચ્ચાર કર્યા હતા. જે પ્રસંગે કોંગ્રસના કાર્યકરો-આગેવાનો ઉપસ્થિત રહી પેટ્રોલ-ડીઝલના ભાવધારાના વિરોધમાં સુત્રોચ્ચાર કરી આક્રમક દેખાવો કર્યા હતા. ૨૮મી જુને સવારે ૧૦:૩૦ કલાકે વિજળીના ભાવવધારા સામે ટોરેન્ટ પાવર સેકટર-૧૬ સામે બેનરો અને પ્લેકાર્ડ સાથે દેખાવો યોજવા માટે સૌ કોંગ્રેસ કાર્યકરો - આગેવાનોએ પોતાના તાલુકા મથકે સમયસર અચૂક ઉપસ્થિત રહેવા શહેર અને જીલ્લા કોંગ્રેસ પ્રમુખોઓં અનુરોધ કર્યો છે.


ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧


# નવા સચિવાલય બ્લોક નં. ૫ ખાતે યોગ સત્રની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૭

આપણા દેશના વડાપ્રધાન અને આપણા ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના પ્રસ્તાવથી વિશ્વના દેશોને ભારતીય સંસ્કૃતિની



ઝાંખી કરાવવા યુનોમાં જેમણે 'યોગ'ની સ્વીકૃતિ કરાવી 'વિશ્વ યોગ દિન' તરીકે પ્રસ્તાવિત કર્યો તે દિવસ એટલે 'વિશ્વ યોગ દિન.' જેમાં યોગ શબ્દનો અર્થ છે જોડવું. યોગ માત્ર ઋષિમુનિઓનો વિષય નથી યોગ કરનાર વ્યકિત નિરોગી થાય છે.

નવા સચિવાલય બ્લોક નં. ૫ ખાતે જીઆઈએસએફએસ ના જવાનો દ્વારા યોગ દિન સત્રની ઉજવણી કરવામાં આવી હતી. સચિવાલયને લોખંડી સુરક્ષા પુરી પાડતા જીઆઈએસએફએસ ના જવાનોએ યોગ સત્રની ઉજવણી કરી હતી. નવા સચિવાલય બ્લોક નં. ૫ના ભોંયતળીએ યોગ ગુરૂએ જવાનોને વિવિધ યોગના આસનો કરાવ્યા હતા. તથા યોગ કરવાથી થતા ફાયદા જણાવ્યા હતા. યોગાસન કર્યા બાદ જીઆઈએસએફએસમાંથી વય નિવૃત્ત થયેલ સલામતી શાખાના કર્મચારીઓનો વિદાય સમારોહ મુખ્ય કારોબારી અધિકારી બી.એમ.ચૌહાણના વરદ હસ્તે યોજાયો હતો.

સલામતી અધિકારી દિલિપસિંહ પરમારે જવાનોની કામગીરીની પ્રશંસા કરી હતી અને નવા સચિવાલય જીઆઈએસએફએસ ના એસએસ-એડમન હરેન્દ્રસિંહ ઝાલાએ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

યોગ સત્ર અને વિદાય સમારોહમાં નાયબ પોલીસ અધિક્ષક એમ.ડી. પરમાર અને એસ.ઓ. પી.ડી. રાવલ તથા સુપરવાઈઝરશ્રીઓ, ઓફીસ સ્ટાફ તથા જીઆઈએસએફએસના તમામ જવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



સેક્ટર-૩ પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રવેશોત્સવ નિમિત્તે શાળામાં વૃક્ષારોપણ કરાયું હતું. તેમજ શાળામાં પ્રવેશ કરતા બાળકોને રમકડાની કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મહેમાન પદે મુકેશકુમાર, કૌશીક સોની, જીગ્નેશ ઠક્કર, કમલેશભાઈ અને શાળાના આચાર્યા સરલાબેન ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર દેવશંકર મહેતાની શ્રેષ્ઠ વાર્તાઓના પુસ્તકનો વિમોચન સમારોહ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા તા. ૧ જુલાઈ,



૨૦૧૬, શુક્રવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે જે.બી. ઓડીટોરીયમ અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (અટીરા) કેમ્પસ, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર દેવશંકર મહેતાની શ્રેષ્ઠ વાર્તાઓના પુસ્તકનો વિમોચન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

પૂ. રમેશભાઈ ઓઝાના વરદ હસ્તે પુસ્તકનું વિમોચન થશે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને વરિષ્ઠ સમિક્ષક ડૉ. સુમન શાહ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. સાથે અતિથિ તરીકે પુસ્તકના સંપાદન ડૉ. જગદીશ ત્રિવેદીની ઉપસ્થિતિ રહેશે.


